**ઇલિનોય ઇલેક્ટ્રિક વેહિકલ રીબેટ પ્રોગ્રામ અરજી પત્રક**

**1 જુલાઇ, 2022 અરજી ચક્ર**

**આ પ્રોગ્રામ હેઠળનાં રીબેટ્સ ભંડોળની ઉપલબ્ધતાને આધિન છે. અવાચ્ય, અપૂર્ણ કે**

**મોડી અરજીઓ નકારવામાં આવશે.**
**આવશ્યક માહિતી અને દસ્તાવેજીકરણ સાથેની આ રીબેટ અરજી નીચેના સરનામા પર ટપાલથી મોકલવી અનિવાર્ય છે અને વાહન ખરીદી કર્યાની તારીખથી 90 દિવસોની અંદર પોસ્ટમાર્ક થયેલી હોવી અનિવાર્ય છે.**

**ફેક્સ, ઇમેઇલ અથવા હાથથી ડીલિવરી કરેલી કોઇપણ અરજીઓ સ્વિકારવામાં આવશે નહીં. અરજીઓ મુદ્રિત કરેલી અને નીચેનાં સરનામે ટપાલથી મોકલેલી હોવી અનિવાર્ય છે અને પોસ્ટમાર્ક ધરાવતી હોવી જોઇએ.**

**Illinois Environmental Protection Agency Electric**
**Vehicle Rebate Program MC #40**
**P.O. Box 19276**
**Springfield, Illinois 62794-9276**

## સેકશન 1: અરજદારની માહિતી

નામ: ____________________________________________
*(પ્રથમ)* *(મધ્ય)* *(અંતિમ)*

ભૌતિક સરનામુ: ____________________________________________
*(નંબર અને સ્ટ્રીટ, **પોસ્ટ બોક્સ નહીં**)* *(શહેર)* *(ઝિપ)*

ટપાલનું સરનામુ (જો ભિન્ન હોય): ____________________________________________

*(નંબર અને સ્ટ્રીટ, **અથવા** પોસ્ટ બોક્સ)* *(શહેર)* *(ઝિપ)*

ઇમેઇલ એડ્રેસ (જો ઉપલબ્ધ હોય): ____________________________

દિવસનો સમય/સેલ ફોન:(________) - _________-_________
*(એરીયા કોડ)*

*તમે પાત્રતાનાં માપદંડો સમજો છો અને પૂર્ણ છો તેનો સ્વિકાર કરવા માટે નીચેના વિધાનો ચેક કરો.*

- ☐ મને, અરજકર્તાને, આ ઇલેક્ટ્રિક વેહિકલ રીબેટ પ્રોગ્રામ હેઠળ અગાઉ રીબેટ મળ્યું નથી.
- ☐ મેં ખરીદેલ વાહનને આ ઇલેક્ટ્રિક વેહિકલ રીબેટ પ્રોગ્રામ હેઠળ અગાઉ રીબેટ મળ્યું નથી.
- ☐ આ વાહન લાયસન્સ ધરાવતા ઇલિનોય ડીલરશિપ પાસેથી ખરીદવામાં આવ્યું હતું.
- ☐ આ વાહન મને ઇલિનોઇસમાં પહોંચાડવામાં આવ્યું હતું અને મળ્યું હતું.
- ☐ હું આ વાહનનો માલિક/ટાઇટલ હોલ્ડર છું. આ વાહન ભાડે કે લીઝ પર રાખેલ નથી.
- ☐ આ વાહન ખરીદવામાં આવ્યું હતું ત્યારે અને રીબેટની અરજી સબમિટ કરવામાં આવી હતી તે બન્ને સમય પર હું ઇલિનોયમાં વસવાટ કરતો હતો.
- ☐ રીબેટ જારી કરવામાં આવે તે પહેલા નિવાસ સ્થાન અથવા વાહનની માલિકીમાં થતા કોઇપણ ફેરફાર વિશે મારે ઇલિનોય EPA ને તાત્કાલિક સૂચિત કરવું અનિવાર્ય છે.
- ☐ ખરીદીની તારીખ બાદ ઓછામાં ઓછા સળંગ 12 મહિના માટે મારે વાહનની માલિકી જાળવી રાખવી, ઇલિનોઇસમાં નિવાસ કરવો અને ઇલિનોયમાં વાહન રજીસ્ટર કરવું અનિવાર્ય છે. હું આમાંથી કોઇપણ પાત્રતાનો માપદંડ પૂર્ણ કરવામાં નિષ્ફળ જવાનાં 60 દિવસોની અંદર ઇલિનોય EPA ને સૂચિત કરવા સંમત થાઉં છું અને રીબેટની રકમ ઇલિનોય EPA ને ભરપાઇ કરવાની આવશ્યકતા રહેશે.

## સેકશન 2: વાહનની માહિતી

*એક ચેક કરો:*

- ☐ ઇલેક્ટ્રિક વાહન
- ☐ ઇલેક્ટ્રિક મોટરસાયકલ

*એક ચેક કરો:*

- ☐ અગાઉ કદાપી માલિકી કે ટાઇટલ ન ધરાવતું હોય તેવું ઇલિનોય ડીલર પાસેથી ખરીદી કરેલું નવું ઇલેક્ટ્રિક વાહન/મોટરસાયકલ
- ☐ અગાઉ ટાઇટલ ધરાવતું કે અન્ય માલિક ધરાવતું હતું તેવું ઇલિનોય ડીલર પાસેથી ખરીદી કરેલું વપરાયેલું અથવા પૂર્વ-માલિકી ધરાવતું ઇલેક્ટ્રિક વાહન/મોટરસાયકલ

ખરીદીની તારીખ: _____/_____/_____
*(માસ)* *(દિવસ)* *(વર્ષ)*

બનાવટ: ____________________ મોડેલ: ____________________ મોડેલનું વર્ષ: ____________
*(ઉત્પાદક)*

વેહિકલ આઇડેન્ટિફિકેશન નંબર (VIN): ______________________________

**આ પ્રોગ્રામ હેઠળનાં રીબેટ્સ ભંડોળની ઉપલબ્ધતાને આધિન છે**

**સેકશન 3: ડીલરશિપની માહિતી**

ડીલરશિપનું નામ: ____________________________________________

ડીલરશિપનો લાયસન્સ નંબર: ____________________________________________

ડીલરશિપનું એડ્રેસ: ____________________________________________

*(સ્ટ્રીટ)* *(શહેર)* *(ઝિપ)*

ડીલરશિપનો ફોન નંબર: (______________) - ________________-______________

*(એરીયા કોડ)*

**ડીલરશિપનું પ્રમાણિકરણ: આ અરજીનાં વિભાગ 2 અને 3 માં પ્રદાન કરેલી માહિતી ખરી અને સચોટ છે.**

ડીલરશિપનાં પ્રતિનિધિ: ______________________________________ ______________________________________

*(સહી)* *(મુદ્રીત નામ)*

**સેકશન 4: દસ્તાવેજીકરણ**

આ અરજી સાથે નીચેની વસ્તુઓ સામેલ કરવાની આવશ્યકતા છે. તમે સામેલ કરી રહ્યા હોવ તે તમામ વસ્તુઓ ચેક કરો.

- ☐ વેચાણનાં બિલ, પરચેઝ ઇન્વોઇસ અથવા ઇલિનોય ડીલરશિપ પાસેથી પરચેઝ એગ્રિમેન્ટની નકલ
- ☐ ખરીદીનાં પુરાવાનું દસ્તાવેજીકરણ, જેમ કે રદ્દ કરેલ ચેકની નકલ, ઇન્વોઇસ કે બિલ કે જે દર્શાવતું હોય કે લાગું પડતી રકમ ચૂકવવામાં આવી છે અથવા કોઇ બાકી બેલેન્સ અસ્તિત્વમાં નથી અથવા લોનનાં દસ્તાવેજો.
- ☐ ઇલિનોય વેહિકલ રજીસ્ટ્રેશનની નકલ
- ☐ સોશિયલ સીક્યુરિટી નંબર ધરાવતા અરજકર્તાઓ માટે, IRS W-9 ફોર્મ જે નામ, ટપાલનું સરનામુ, અને સોશિયલ સીક્યુરિટી નંબર સમાવતું હોય છે. અન્ય તમામ અરજકર્તાઓ માટે, IRS W-8 ફોર્મ જે નામ, ટપાલનું સરનામુ, અને ટેક્સપેયર આઇડેન્ટિફિકેશન નંબર સમાવતું હોય છે

**સેકશન 5: ઓછી આવકનું પ્રમાણિકરણ**

“ઓછી આવક” તરીકેની પાત્રતા માટે, અરજકર્તા અને અરજકર્તાનાં આવાસ પર રહેતા 18 વર્ષ કરતા વધારે ઉંમરનાં અને લોહી, લગ્ન અથવા દત્તક ("પાત્રતા ધરાવતા") દ્વારા અરજકર્તા સાથે સંબંધ ધરાવતા તમામ વ્યક્તિઓની કુલ સંયુક્ત એકંદર આવક સ્ટેટની સરેરાશ આવકનાં 80% કરતા વધુ ન હોઇ શકે.

ઓછી-આવક લાગું પડવાનું નિર્ધારણ કેવી રીતે કરવું તેના પર માહિતી માટે જોડેલી સૂચનાઓ જુઓ.
જો અરજકર્તા આ માપદંડ પૂર્ણ કરે તો આ સ્થિતિ પ્રમાણિત કરવા માટે "હા" ચેક કરો. જો અરજકર્તા "ઓછી આવક" તરીકે પાત્ર ન હોય, તો "ના" ચેક કરો.

હું પ્રમાણિત કરું છું કે મારી પોતાની અને મારા આવાસ પર રહેતા 18 વર્ષ કરતા વધારે ઉંમરનાં અને લોહી, લગ્ન અથવા દત્તક દ્વારા મારી સાથે સંબંધ ધરાવતા તમામ વ્યક્તિઓની કુલ સંયુક્ત એકંદર આવક સ્ટેટની સરેરાશ આવકનાં 80% કરતા વધતી નથી.

એક ચેક કરો: ☐હા ☐ના

**સેકશન 6: અધિકૃતતા**

આ પ્રમાણિકરણ પર આ અરજીને આધિન હોય તેવા વાહનનાં ખરીદનાર દ્વારા હસ્તાક્ષર કરવા અનિવાર્ય છે. હસ્તાક્ષર કરેલ પ્રમાણિકરણ વગરની અરજીઓને અપૂર્ણ ગણવામાં આવશે અને નકારવામાં આવશે. કોઇપણ વ્યક્તિ જે જાણીજોઇને ઇલિનોય EPA ને મૌખિક અથવા લેખિતમાં ખોટું, કાલ્પનિક, અથવા કપટી માહિતી ધરાવતું નિવેદન આપે છે તે ક્લાસ 4 મહા અપરાધ કરે છે. ગુનાની સાબિતી બાદ દ્વિતિય અથવા અનુગામી ગુનો એ ક્લાસ 3 મહા અપરાધ (415 ILCS 5/44(H)) છે.
કાયદાનાં દંડ હેઠળ હું પ્રમાણિત કરું છું કે, ઉચિત પૂછપરછ બાદ રચાયેલ માહિતી અને માન્યતાનાં આધાર પર, આ અરજીમાં સમાવિષ્ટ વિધાનો અને માહિતી ખરી, સચોટ અને પૂર્ણ છે.

અરજકર્તાનાં હસ્તાક્ષર:______________________________મુદ્રીત નામ:______________________________તારીખ: ________

**આ પ્રોગ્રામ હેઠળનાં રીબેટ્સ ભંડોળની ઉપલબ્ધતાને આધિન છે.**

IL 532 3077
APC669

# ઇલિનોય ઇલેક્ટ્રિક વેહિકલ રીબેટ પ્રોગ્રામ
# અરજી કરવા માટેની સૂચનાઓ

## મેઇલીંગ સરનામું

આવશ્યક માહિતી અને દસ્તાવેજો સાથેની રીબેટ અરજી મુદ્રિત કરી અને ઇલિનોય EPA ને ટપાલથી મોકલવી અનિવાર્ય છે. ફેક્સ, ઇમેઇલ અથવા હાથથી ડીલિવરી દ્વારા કોઇપણ અરજીઓ સ્વિકારવામાં આવશે નહીં. અરજીઓ નીચેના સરનામા પર ટપાલથી મોકલવી અનિવાર્ય છે અને પોસ્ટમાર્ક ધરાવતી હોવી જોઇએ.

**Illinois Environmental Protection Agency**
**Electric Vehicle Rebate Program MC #40**
**P.O. Box 19276**
**Springfield, Illinois 62794-9276**

## અરજીની અંતિમ તારીખ

રીબેટની અરજી વાહન ખરીદી કર્યાની તારીખથી 90 દિવસોની અંદર પોસ્ટમાર્ક થયેલી હોવી અનિવાર્ય છે.

**અને**

રીબેટ અરજી રીબેટ ચક્રની સમાપ્તિ 30 સપ્ટેમ્બર, 2022 ના રોજ અથવા તે પહેલા પોસ્ટમાર્ક થયેલી હોવી અનિવાર્ય છે.

## પૂર્ણતાની આવશ્યકતા

અરજીમાં વિનંતી કરેલી તમામ માહિતી સુવાચ્ય રીતમાં પ્રદાન કરવી અનિવાર્ય છે.  અવાચ્ય, અપૂર્ણ અથવા મોડી અરજીઓ નકારવામાં આવશે.

## ભંડોળની ઉપલબ્ધતા

રીબેટ માટેની તમામ અરજીઓ ભંડોળની ઉપલબ્ધતાને આધિન છે.

## અરજી

### સેકશન 1:  અરજદારની માહિતી

- તમારું નામ, ભૌતિક સ્ટ્રીટ એડ્રેસ (પોસ્ટ બોક્સ **નહીં**), ઇમેઇલ એડ્રેસ (જો ઉપલબ્ધ હોય), અને તમારો દિવસનો સમય અથવા સેલ ફોન નંબર પ્રદાન કરો. જો તમારા ભૌતિક સરનામાથી તમારું ટપાલનું સરનામુ અલગ હોય તો તે પ્રદાન કરો. ઇલિનોય નિવાસની આવશ્યકતાની પુષ્ટિ કરવા માટે આ ભૌતિક સરનામાનો ઉપયોગ કરવામાં આવશે. તે એ સ્થળ પણ છે જ્યાં કોમ્પટ્રોલર કોઇપણ રીબેટ ચેક ટપાલથી મોકલશે સિવાય કે જો તમે અલગ ટપાલનું સરનામુ પ્રદાન કરો, તો તેવા કિસ્સામાં તે એવું સ્થળ હશે જ્યાં કોઇપણ રીબેટ ચેક ટપાલથી મોકલવામાં આવે છે. સેલ ફોન નંબર જરૂરી બનશે તો સંપર્કના હેતુઓ માટે છે.

- રીબેટ મેળવવા માટે તમે પ્રોગ્રામની પાત્રતાનાં માપદંડો સમજો છો અને પૂર્ણ કરો છો તેનો સ્વિકાર કરતા દરેક વિધાનોને ચેક કરો.

### સેકશન 2:  વાહનની માહિતી

- આ અરજી ઇલેક્ટ્રિક વાહન માટે છે કે ઇલેક્ટ્રિક મોટરસાયકલ માટે છે તે ચેક કરો

- તમે નવું કે ઇલિનોય ડીલર પાસેથી વપરાયેલ/પૂર્વ-માલિકીનું ઇલેક્ટ્રિક વાહન અથવા ઇલેક્ટ્રિક મોટરસાયકલ ખરીદ્યુ હતું તે ચેક કરો
- વાહનની ખરીદીની તારીખ દાખલ કરો
- વાહન અથવા મોટરસાયકલની બનાવટ (મેન્યુફેક્ચરર), મોડેલ અને મોડેલ વર્ષ દાખલ કરો
- સંપૂર્ણ વેહિકલ આઇડેન્ટિફિકેશન નંબર (VIN) દાખલ કરો

## સેકશન 3: ડીલરશિપની માહિતી

આ વિભાગ વેચાણકર્તા ઇલિનોય ડીલરશિપ દ્વારા પૂર્ણ કરવો જોઇએ. ડીલરશિપનું નામ, ઇલિનોય સેક્રેટરી ઑફ સ્ટેટ દ્વારા જારી કરેલ ડીલરશિપનો લાયસન્સ નંબર, અને ડીલરશિપનું સરનામુ અને ફોન નંબર દાખલ કરો. ડીલરશિપનાં પ્રતિનિધિએ હસ્તાક્ષર અને મુદ્રિત નામ સાથે પ્રમાણિત કરવાનું છે કે અરજીનાં વિભાગ 2 અને 3 માં રહેલી માહિતી ખરી અને સચોટ છે.

## સેકશન 4: દસ્તાવેજીકરણ

અરજી સાથે આવશ્યક દસ્તાવેજો અને પત્રકો સામેલ કરેલા છે તે સુનિશ્ચિત કરવા માટે દરેક વિધાનો ચેક કરો. દસ્તાવેજોની વાચ્ય નકલો સ્વિકાર્ય છે.

વેબસાઇટ પર આવશ્યક IRS W-9 ફોર્મ (જો તમે સોશિયલ સીક્યુરિટી નંબર ધરાવતા હોવ) અને IRS W-8 ફોર્મ (જો તમે ટેક્સપેયર આઇડેન્ટિફિકેશન નંબર ધરાવતા હોવ) ની લિન્ક્સ પ્રદાન કરવામાં આવી છે. ચૂકવણીની પ્રક્રિયા કરવા અને સ્ટેટ ચેક જારી કરવા માટે ઓફિસ ઑફ ઇલિનોય કોમ્પટ્રોલરને વ્યક્તિનાં સોશિયલ સીક્યુરિટી નંબર અથવા ટેક્સપેયર આઇડેન્ટિફિકેશન નંબરની આવશ્યકતા છે. W-9 અથવા W-8 પૂર્ણ કર્યા વગરની અરજી પર પ્રક્રિયા કરી શકાતી નથી, અને તેને અપૂર્ણ માનવામાં આવશે અને નકારવામાં આવશે.

નોંધ: IRS W-9 અથવા IRS W-8 ની માહિતી IRS સાથેની ફાઇલ પરની માહિતી સાથે મેચ થવી અનિવાર્ય છે. કોમ્પટ્રોલર દ્વારા જારી કરવામાં આવતા રીબેટ ચેક તેવા સરનામા પર ટપાલથી મોકલવામાં આવશે, જે અરજીનાં વિભાગ 1 માં પ્રદાન કરેલા ભૌતિક અથવા ટપાલનાં સરનામા હોવા અનિવાર્ય છે.

## સેકશન 5: ઓછી-આવકનું પ્રમાણીકરણ

ઇલેક્ટ્રિક વેહિકલ રીબેટ નિયમનો “ઓછી આવક” ને એવા વ્યક્તિઓ અને કુટુંબો તરીકે વ્યાખ્યાયિત કરે છે જેઓની આવક યુ.એસ. ડીપાર્ટમેન્ટ ઑફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસીસ દ્વારા સ્થાપિત સ્ટેટ નાણાકીય વર્ષ માટેની સ્ટેટની સરેરાશ આવકનાં 80% કરતા વધતી ન હોય. આ નિયમનો વધારે પ્રદાન કરે છે કે “ઓછી આવક” તરીકેની પાત્રતા માટે, અરજકર્તા અને અરજકર્તાનાં આવાસ પર રહેતા અને લોહી, લગ્ન અથવા દત્તક દ્વારા અરજકર્તા સાથે સંબંધ ધરાવતા તમામ 18 વર્ષ કરતા વધારે ઉંમરનાં વ્યક્તિઓની કુલ સંયુક્ત એકંદર આવક સ્ટેટની સરેરાશ આવકનાં 80% કરતા વધતી ન હોય.

અરજકર્તાનાં ગૃહસ્થોની સંખ્યા અરજકર્તા અને એક આર્થિક એકમ તરીકે અરજકર્તા સાથે રહેતા કોઇપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓનાં સમૂહનાં કુલ અંક દ્વારા નિર્ધારિત કરવાની હોય છે, જેમાં 18 વર્ષ કરતા ઓછી ઉમરની વ્યક્તિઓ અને લોહી, લગ્ન અથવા દત્તક દ્વારા અરજકર્તા સાથે સંબંધિત ન હોય તેવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

અરજકર્તાની આવકનાં સ્તરનું નિર્ધારણ અરજકર્તા અને અરજકર્તાનાં આવાસ પર રહેતા અને લોહી, લગ્ન અથવા દત્તક દ્વારા અરજકર્તા સાથે સંબંધ ધરાવતા તમામ 18 વર્ષ કરતા વધારે ઉંમરનાં વ્યક્તિઓની કુલ સંયુક્ત એકંદર આવકનાં કુલ દ્વારા કરવાની હોય છે.

અગાઉ નોંધ કર્યા અનુસાર અરજકર્તાનાં ગૃહસ્થોની સંખ્યા અને આવકનાં સ્તરનું નિર્ધારણ કર્યા બાદ, નીચેના કોષ્ટકમાં યોગ્ય ગણતરી કરેલ ગૃહસ્થોની સંખ્યા શોધો. જો અરજકર્તાનું ગણતરી કરેલ એકંદર આવકનું સ્તર સંબંધિત આવક સ્તરની સીમા જેટલું અથવા નીચે હોય તો તેને ઓછી આવક ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે, એક એવા અરજકર્તા જેનાં ગૃહસ્થોની સંખ્યા 3 છે તો તેઓ ઓછી આવક ધરાવતા હોવા તરીકે ગણાવા માટે $68,656 ની આવક સ્તરની સીમા પર અથવા નીચે હોવા અનિવાર્ય છે.

| ગૃહસ્થોની સંખ્યા | આવકનું સ્તર |
|---|---|
| 1 | $42,501 |
| 2 | $55,579 |
| 3 | $68,656 |
| 4 | $81,734 |
| 5 | $94,811 |
| 6 | $107,888 |
| 7 | $110,340 |
| 8 | $112,792 |
| 9 | $115,244 |
| 10 | $117,696 |

**સેકશન 6: અધિકૃતતા**

કૃપા કરીને અધિકૃતતાનું પ્રમાણિકરણ વાંચો અને, જો સંમતિ હોય, તો અરજી પર હસ્તાક્ષર કરો, નામ અને તારીખ મુદ્રિત કરો.

પ્રમાણિકરણમાં હસ્તાક્ષર કરવામાં નિષ્ફળ જવાથી અરજી અપૂર્ણ હોવાનું ગણવામાં આવશે. આ અપૂર્ણતા અરજી નકારવામાં પરિણમશે.